ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૯-૮-૨૦૨૧, સોમવાર



## ઓડીયો ક્લીપ પ્રકરણ : સાતરડા હાઈસ્કુલના આચાર્યને માથે ઠીકરું ફોડવાનો પ્લાન ઘડાયો

**મંડળની સંમતિ વગર આચાર્ય પૈસા માંગે તે સંભવ છે ખરૂ..?? : શિક્ષણાધિકારી કચેરીની સંભવિત એક તરફી કામગીરી સામે આચાર્ય સંઘ મોરચો માંડે તેવી સંભાવના**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

માલપુર તાલુકાની સાતરડા હાઈસ્કુલમાં શિક્ષણ વિભાગ દ્વારા સીધી ભરતીથી મૂકાયેલા મહિલા ઉમેદવારો પાસે રૂા.૫ લાખની માગણી અને ત્યાર પછી રૂા.દોઢ લાખમાં પતી જશે તેવી ઓડીયો ક્લીપ વાયરલ થતાં સનસનાટી મચી ગઈ છે. સાતરડા હાઈસ્કુલના આચાર્ય હસમુખ પટેલના માથે ઠીકરૂ ફોડી મંડળ તેમાંથી હેમખેમ બહાર કરવાના પ્રયાસ કરી રહ્યાની લોકચર્ચા ચાલી રહી છે ત્યારે શિક્ષણાધિકારી કચેરીની સંભવિત એક તરફી કામગીરી સામે આચાર્ય સંઘ મોરચો માંડે તેવી સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અનુદાન મેળવતી ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓમાં નિભાવ ગ્રાન્ટ આચમનરૂપ મળે છે તેમ છતાં જિલ્લાના અનેક મંડળોએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, દાતાઓ તેમજ ક્યારેક શાળા સ્ટાફના સહયોગથી શૈક્ષણિક સંસ્થાઓને જીવંત રાખી છે. ભરતીમાં ભ્રષ્ટાચાર થતો હોવાના કારણે શિક્ષણ વિભાગે મંડળના હક્કો છીનવી લીધા અને ત્યાર પછી વર્ષ-૨૦૧૩થી શાળાઓમાં ભરતી થંભી ગઈ હતી. છેલ્લા ૩-૪ વર્ષથી શિક્ષણ વિભાગ દ્વારા મેરીટના આધારે શિક્ષકોની ભરતી શરૂ થઈ છે. પરંતુ ગત સપ્તાહે અરવલ્લી જિલ્લાની સાતરડા હાઈસ્કુલમાં ઉમેદવારો પાસે પૈસા માંગવા અંગેની ઓડીયો ક્લીપ વાયરલ થતાં હલચલ મચી ગઈ. જેમને સાતરડા હાઈસ્કુલના આચાર્ય હસમુખ પટેલનો પરિચય છે તેમને ખ્યાલ છે કે આચાર્ય નખસીખ પ્રમાણિક છે. શિક્ષણ વ્યવસ્થા કથળી ત્યારે પણ શિક્ષકોની પડખે ઉભા રહી નબળા પરિણામથી સારૂ પરિણામ કેવી રીતે લાવી શકાય તે રીતે એક મેન્ટરની ભૂમિકા ભજવી છે. શિક્ષક-શિક્ષકની પીડા સમજી શકે આ સંજોગોમાં આચાર્યએ ઉમેદવાર પાસે પૈસા માગ્યા તેની ઓડીયો ક્લીપ ફરતી થઈ તેમાં તથ્ય હશે પરંતુ આચાર્યએ પૈસા કોના કહેવાથી માગ્યા..?? અનેક મંડળો આચાર્યોને જે રીતે નચાવે તે રીતે નાચવા માટે મજબૂર બનતા હોય છે અને આ હકીકત ડંકાની ચોટ ઉપર સાચી છે. આચાર્યએ કોના કહેવાથી ઉમેદવાર સાથે મધ્યસ્થી બની વાત કરી..?? તેની ભીંતરમાં પણ જિલ્લા શિક્ષણાધિકારીએ ઉંડાણમાં ઉતરવું પડશે. ઓડીયો ક્લીપમાં પૈસા માગ્યા અને તેના આધારે જ માત્ર આચાર્યને દોષિત કરી ફરજ મોકુફ કરવાની કાર્યવાહી થાય તે સમગ્ર શિક્ષણ જગત માટે દુરોગામી અસર પેદા કરી શકે છે. જ્યારે સાતરડા કેળવણી મંડળ જો આચાર્યને દોષિત ઠરાવવાનું પ્રયાસ કરતું હોય તો આચાર્યએ પણ પોતાના હીતની પરવા કર્યા વગર પ્રમાણિકતાને અગ્રતાક્રમ આપી કોના કહેવાથી મહિલા ઉમેદવાર પાસે પૈસા માગ્યા તેની વિગતો એફીડેવિટ કરીને શિક્ષણમંત્રી અને પોલીસ વડાને આપવી જોઈએ જેથી કેટલાક મંડળો ઉપર મૂકવામાં આવતા આંધળા વિશ્વાસની પાતળી ચાદર ઉઠાવી શકાય.

## હિંમતનગર ખાતે પ્રદિપચંદ્ર સુરી સાગર મહારાજની મુલાકાત લેતા મુખ્યમંત્રી





બાયડ તા.૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આચાર્ય ભગવંત શ્રી પ્રદિપચંદ્ર સુરી સાગર મહારાજની મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રી સાબરકાંઠા જિલ્લાની એક દિવસીય મુલાકાતે આવ્યા હતા. રાજ્ય સરકારના સુશાસન પાંચ વર્ષના પૂર્ણતા અવસરે યોજાયેલ વિકાસ દિવસ અંતર્ગત આરોગ્ય સુખાકારી કાર્યક્રમ બાદ શ્રી સોસાયટી નગર જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક સંઘ જિનાલયની મુલાકાત લીધી હતી. આ સમય દરમિયાન સમાજ સેવક પંકજ શાહ (સુશીલા ઈન્ફ્રા) પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને પણ મુખ્યમંત્રી નું સન્માન કર્યું હતું ત્યારબાદ મુખ્યમંત્રી શ્રી ઉમિયાધામ મંદિરની પણ મુલાકાત લઈ પૂજા અર્ચન કર્યુ હતું.

## અરવલ્લીના ચિરાગ પટેલની ભાજપ દ્વારા કાર્યાલય આધુનિકરણ વિભાગમાં સંયોજક તરીકે નિયુક્તિ

**ભાજપના અગ્રણીઓએ નિયુક્તિને આવકારી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા વિવિધ વિભાગોમાં સંયોજકોની નિયુક્તિ કરવામાં આવી છે જેમાં અરવલ્લીના નવીશિણોલના ચિરાગભાઈ એચ. પટેલની કાર્યાલય આધુનિકરણ વિભાગમાં સંયોજક તરીકે નિયુક્તિ થતાં અરવલ્લી જિલ્લા ભાજપના અગ્રણીઓએ નિયુક્તિને આવકારી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષ દ્વારા તમામ કાર્યકરોને તેમની કામગીરી પ્રમાણે સ્થાન આપવામાં આવી રહ્યું છે. હાઈટેક યુગમાં પક્ષના રાજ્ય, દેશ અને વિદેશ સુધીના સંપર્કો જીવંત રહે તેવા પ્રયાસો શરૂ થયા છે. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા વિદેશ સંપર્ક વિભાગ, ગ્રંથાલય-ઈ-ગ્રંથાલય નિર્માણ વિભાગ, દસ્તાવેજીકરણ વિભાગ, કાર્યાલય આધુનિકરણ વિભાગ, જિલ્લા કાર્યાલય નિર્માણ વિભાગ, પાર્ટી પત્રિકા પ્રકાશન વિભાગ, ટ્રસ્ટ સંકલન વિભાગ અને સહયોગ, આપત્તિ અને સેવાઓના વિભાગના સંયોજકોની વિવિધ જિલ્લાઓમાંથી નિયુક્તિ કરવામાં આવી છે જેમાં અરવલ્લીના ચિરાગ પટેલની જિલ્લા કાર્યાલય વિભાગમાં પ્રદેશ દ્વારા નિયુક્તિ થતાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી ભીખાજી ડામોર, હસમુખભાઈ પટેલ, શૈલેષભાઈ ભોઈ, યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલ, મહિલા મોરચા પ્રમુખ નેહાબેન પટેલ સહિત વિવિધ મોરચાના હોદ્દેદારોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોને નિમણૂંકપત્ર આપ્યા બાદ હાજરી ગણવાનો ડખો

**ઉત્તર ગુજરાતમાં ૧૧ શિક્ષકો ગેરહાજર રહ્યા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના શિક્ષકોને એક સાથે સરકાર દ્વારા રોજગાર કાર્યક્રમ અંતર્ગત નિમણૂંકપત્રો અપાયા પછી હાજરી ગણવાનો ડખો ઉભો થયો છે. શિક્ષકો શનિવારે સ્કુલમાં હાજર થવા જાય પરંતુ તેમને શુક્રવારના રોજ હાજર ગણવાની સૂચના જારી કરવામાં આવતાં શાળા સંચાલક મંડળ અને સરકાર આમને સામને આવ્યા છે જેમાં શાળા સંચાલકોએ શુક્રવારની હાજરી ગણવા સ્પષ્ટ ના ભણી છે ત્યાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં ભરતી સમિતિ દ્વારા ૧૧ શિક્ષકોને જગ્યાઓ ફાળવી દેવાઈ હોવા છતાં ૧૧ શિક્ષકો ગેરહાજર રહ્યાની વિગતો બહાર આવી છે.

રાજ્ય સરકારે ૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે તા.૬ ના રોજ રોજગાર દિવસની ઉજવણી કરી જેમાં ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોને નિમણૂંકપત્રો આપવામાં આવ્યા છે પરંતુ શિક્ષકોની હાજર તારીખ મુદ્દે વિવાદ જાગ્યો છે. જે તારીખે શિક્ષકો હાજર થાય તે તારીખે સ્ટાફ મસ્ટર, સેવાપોથી, સ્વીકૃતિપત્ર તેમજ હાજર રિપોર્ટમાં તારીખ ખાસ લખવામાં આવતી હોય છે પરંતુ શિક્ષણ વિભાગમાંથી ૭ ઑગષ્ટના રોજ શિક્ષક હાજર થવા આવે તો તેમને ૬ ઑગષ્ટના રોજ હાજર થયેલા ગણવા તેવી સૂચના આપવામાં આવી છે. જે કર્મચારી ૬ ઑગષ્ટે સંસ્થામાં હાજર થયો જ ન હોય તેને ૬ ઑગષ્ટના ખાનામાં સ્ટાફ મસ્ટરમાં સહી કરાવી હાજર કઈ રીતે બતાવી શકાય..?? વગેરે સવાલો ઉભા થયા છે. કોઈ શિક્ષક ગેરકાયદેસર કૃત્યમાં અગાઉ સંડોવાયો હોય અને તેમની સામે એફ.આઈ.આર. થઈ હોય તેની જાણ સંચાલકોને ન હોય તેવા કિસ્સામાં ૬ ઑગષ્ટે કઈ રીતે હાજર બતાવવા..?? તે પેચીદો પ્રશ્ન છે. હાજર થવાની તારીખ સંદર્ભે ભવિષ્યમાં સીનીયોરીટી કે કોઈ અન્ય કારણોસર વિવાદ ઉભા થાય ત્યારે હાજર તારીખ કઈ ગણવી તે પ્રશ્ન ઉભો થાય તેમ હોવાથી ખાનગી શાળા સંચાલકોએ શુક્રવારની હાજરી ગણવા માટે સરકારને ચોખ્ખી ના પાડી દીધી છે. હાજર તારીખ ગણવાના વિવાદમાં ઉત્તર ગુજરાતમાં પસંદગી પામેલા સાબરકાંઠાના ૫, બનાસકાંઠાના ૩, મહેસાણાના ૨ અને પાટણ જિલ્લાના ૧ ઉમેદવાર ફળવાયેલ સ્થળે હાજર થવા તેમજ નિમણૂંકપત્ર લેવાથી ગેરહાજર રહ્યા છે.

## સાબરકાંઠા, અરવલ્લીમાં બી.એસ.એન.એલ. નેટવર્કના વારંવારના ધાંધિયાથી ગ્રાહકો થાક્યા

**વર્ષના અંતે બી.એસ.એન.એલ. ભૂતકાળ થઈ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ચોમાસામાં બી.એસ. એન. એલ.ને વાયરલ ઈન્ફેક્શન જેવી બિમારી લાગુ પડી છે. જુલાઈ પછી ઑગષ્ટ મહિનામાં બી.એસ. એન.એલ.ના મોબાઈલ અને ટેલિફોનના ધાંધિયા ચાલુ રહેતાં ગ્રાહકો ખાડે ગયેલી સેવાથી થાક્યા છે. એક રીતે બી.એસ.એન.એલ. ગ્રાહકોના મનમાંથી ઉતરી જતાં વર્ષના અંતે જિલ્લામાં બી.એસ.એન.એલ. ભૂતકાળ થઈ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.




કેન્દ્ર સરકાર હસ્તકના ભારત દૂરસંચાર નિગમમાં ખાડે ગયેલા વહીવટના કારણે સંનિષ્ઠ અધિકારી-કર્મચારીઓએ ગ્રાહકોની હાય લેવી એના કરતાં નિવૃત્ત થઈ જવું સારૂ તેમ માની ગત વર્ષે જિલ્લાના ૩૭૦ કર્મચારીઓએ સ્વૈચ્છીક નિવૃત્તિ સ્વીકારી લીધી છે અને હવે સ્થિતિ એ છે કે કોઈ ચકોર અધિકારી તંત્ર પાસે નથી જેના કારણે બી.એસ.એન.એલ.ની તમામ સેવાઓ ખાડે જઈ રહી છે. ટેલિફોન, મોબાઈલ અને બ્રોડબેન્ડ સેવાઓ એટલી હદે કથળી છે કે ત્રાસેલા ગ્રાહકોએ હવે ખાનગી કંપનીઓ સહારો લેવાની શરૂઆત કરી છે. કચેરીમાં ઓછો સ્ટાફ અને ઈન્સ્ટુમેન્ટના અભાવના કારણે ભારત દેશ ૨૧મી સદીમાં પ્રયાણ કરી રહ્યો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો જાણે કે ૧૮મા યુગની ટેકનોલોજીમાં આળોટતો હોય તેવી સ્થિતિ નિંદ્રાધિન અધિકારીઓએ કરી દીધી છે. અત્યારે કોરોના વાયરસની મહામારી અને ચોમાસાની સીઝનમાં ટેલિફોન, મોબાઈલ સેવા આપત્તિના સમયે આશીર્વાદરૂપ બનતી હોય છે પરંતુ અહીંયાં તો છાશવારે બી.એસ.એન.એલ.ના ધાંધિયા તંત્રની ઓળખ બની ગયા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના કેટલાય ટેલિફોન એક્ષ્ચેન્જ લાંબા સમયથી બંધ હાલતમાં છે.

## અરવલ્લી જિલ્લાના ૮ પાલિકા વિસ્તારોમાં શેરી ફેરીયાની યાદી અદ્ધરતાલ...

**ફેરીયાઓની યાદી જાહેરમાં મૂકવામાં પણ બેદરકારી..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮ નગરપાલિકા વિસ્તારોમાં શેરી ફેરીયાઓની નોંધણી અને યાદી જાહેર કરવાની સૂચના છતાં પાલિકાના જવાબદારો યાદી પ્રસિદ્ધ કરવામાં નિષ્ફળ રહેતા હોવાની વિગતો સામે આવી છે. નિયત કરેલ એજન્સી દ્વારા સર્વે કરાવી ફેરીયાઓની નોંધણી યાદી પાલિકા વિસ્તારોમાં પ્રસિદ્ધ કરવાની સ્પષ્ટ જોગવાઈ છતાં આ બાબત અદ્ધરતાલ બની રહી છે. મોટાભાગની પાલિકા વિસ્તારોમાં ફેરીયાઓની યાદીનાં કોઈ ઠેકાણાં નથી જેથી જેની જ્યાં મરજી પડે ત્યાં ટ્રાફિકને અડચણરૂપ ફેરીયાઓ ગોઠવાઈ જતા હોય છે.

રાજ્ય સરકારના શેરી ફેરીયા નિયમ અંતર્ગત જિલ્લાની પાલિકા વિસ્તારોમાં ફેરીયાઓની નોંધણી માટે જરૂરી નિયમ બનાવવામાં આવ્યા છે જેમાં એજન્સી નિયત કરી ફેરીયાઓની નોંધણી કરી તેમને દૈનિક રોજગારી મળી રહે તેવા આશયે જગા નિયત કરી આપવાની હોય છે પરંતુ જિલ્લાની મોટાભાગની પાલિકાઓ આ બાબતે ઉદાસીન હોવાનું ચિત્ર ઉપસ્યું છે. પાલિકા દ્વારા નોંધણી થયેલ ફેરીયાઓ સામે કોઈ વાંધો હોય તો અથવા યોગ્ય લાયકાત ધરાવતા હોય પરંતુ યાદીમાં સમાવેશ ન થયેલ હોય તેવા ફેરીયાઓને લેખિત રજૂઆત કરવાની પણ જોગવાઈ કરવામાં આવી હોવા છતાં પાલિકા વિસ્તારો શેરી ફેરીયાની યાદી બાબતે ઘણા લાંબા સમયથી ઉદાસીન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો ખાટલે મોટી ખોડ હોય તેમ પાલિકાઓ દ્વારા હજુ સુધી ફેરીયાઓની યાદી જાહેર જનતા જોઈ શકે તે રીતે નોટીસ બોર્ડ ઉપર પણ પ્રસિદ્ધ કરવામાં આવી નથી. જેથી ફેરીયાઓની નોંધણી મુદ્દે પાલિકા સત્તાધિશો દ્વારા રાજ રમત રમવામાં આવતી હોવાની આશંકા વ્યક્ત થઈ છે. ફેરીયાઓની નોંધણી તેમજ નિયત જગ્યા પાલિકા તંત્ર દ્વારા મુકરર કરવામાં ન આવતાં પાલિકા વિસ્તારોમાં જેને જ્યાં મરજી પડે ત્યાં અડીંગા જમાવી દેતા હોય છે જેથી ટ્રાફિકને પણ અડચણ થઈ રહી છે ત્યારે પાલિકાના જવાબદારો સરકારની શેરી ફેરીયાઓની નોંધણી તેમજ યાદી મુદ્દે કુંભકર્ણની નિંદ્રામાંથી સત્વરે જાગે તે જરૂરી બન્યું છે. જિલ્લામાં પાલિકા વિસ્તારોમાં શેરી ફેરીયાની નોંધણીની મુદત વીતી ગઈ હોવા છતાં બાયડ, મોડાસા, ખેડબ્રહ્મા, ઈડર, પ્રાંતિજ, તલોદ, વડાલી, હિંમતનગર સહિતના શહેરી વિસ્તારોમાં શેરી ફેરીયાઓની નોંધણી મુદ્દે પાલિકાના જવાબદારો હજુ પણ નિરસ હોવાનું સામે આવ્યું છે.

## દિવાસાના મેળામાં મહેરામણ ઉમટ્યો, ભાતીગળ મેળા ભરાયા

**પવિત્ર શ્રાવણ માસ : ઉત્તર ગુજરાતમાં આજથી શિવાલયો શિવભક્તોથી ઉભરાશે : અનેક પ્રાચીન શિવમંદિરોમાં શ્રાવણ પૂરો થાય ત્યાં સુધી ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

રવિવારે અમાસ એટલે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં દિવાસાના મેળા ભરાયા હતા. દિવાસા દરમ્યાન મેળા ભરાતાં અને શુષ્ક બજારમાં લાંબા સમય પછી જીવંત દેખાયાં હતાં. આજે સોમવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે અને સતત વરસાદની ખેંચ અનુભવતા ઉત્તર ગુજરાતમાં કુદરત વરસાદથી હેત વરસાવે તેવી શિવભક્તો પ્રાર્થના કરશે. ઉત્તર ગુજરાતનાં હજારો શિવાલયો સવારથી જ બમબમ ભોલેના જયઘોષ સાથે ગુંજી ઉઠશે અનેક પ્રાચીન શિવમંદિરોમાં શ્રાવણ માસ પૂરો થાય ત્યાં સુધી ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.





આખરે ભગવાન શિવજીના લાખો ભક્તો જે ઘડીની રાહ જોતા હતા તે આવી ગઈ છે. તા.૯ ઑગષ્ટથી પવિત્ર શ્રાવણ માસનો ભારે આસ્થા સાથે પ્રારંભ થઈ રહ્યો છે તેની પૂર્વ સંધ્યાએ શિવાલયોમાં સાફસફાઈ અને ધાર્મિક કાર્યક્રમને લઈને આગોતરા આયોજનો સંપન્ન કરવામાં આવ્યાં હતાં. અરવલ્લીના સાઠંબા થી બનાસકાંઠાના સાંતલપુર સુધી સતત ૧ મહિનો શિવાલયોમાં બમબમ ભોલેના નાદ ગુંજશે. શિવભક્તો પરોઢથી શિવજી સમક્ષ આસન જમાવી જલાભિષેક, દૂધનો અભિષેક કરશે તેમજ મહિના દરમ્યાન બીલીપત્ર ચઢાવી પોતાની મનોકામનાઓ સિદ્ધ કરવાના પ્રયાસમાં લાગી જશે. આ વખતે ઉત્તર ગુજરાતમાં ઓછા વરસાદના કારણે પવિત્ર શ્રાવણ માસ ઉપર પ્રજાને મોટો મદાર છે. પવિત્ર શ્રાવણ માસમાં રૂદ્રાક્ષ ધારણ કરવા માટે પણ શુભ સમય ગણાતો હોય છે જેથી અનેક ભક્તો રૂદ્રાક્ષ ધારણ કરશે. બાયડના વૈજનાથ મહાદેવ, બાયડ જૂના બસ સ્ટેશનના ઋણમુક્તેશ્વર મહાદેવ, ભુવનેશ્વર મહાદેવ, સોમનાથ મહાદેવ, વાત્રકના ધારેશ્વર મહાદેવ, ઉભરાણના સૂલપાણેશ્વર મહાદેવ, ઉજેળીયા મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ, સાયરા નજીકના ગેબીનાથ મહાદેવ, વિજયનગરના વિરેશ્વર મહાદેવ સહિતના ખ્યાતિ પ્રાપ્ત શિવમંદિરોમાં સવારથી જ ભક્તોની મોટી ભીડ ઉમટશે.

## બી.એસ.એન.એલ. પછી પોસ્ટ સેવા પણ બેહાલ

**સાબરકાંઠા, અરવલ્લીમાં ટપાલ નિયમિત ન આવતી હોવાની ફરિયાદ અનેક વિસ્તારોમાં સપ્તાહમાં માંડ ૧ દિવસ ટપાલી દેખાય..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

જિલ્લામાં બી.એસ.એન.એલ. પછી કેન્દ્ર સરકાર હસ્તકની ટપાલ સેવા પણ બેહાલ થઈ રહી છે. રક્ષાબંધન નજીકમાં આવી રહી છે ત્યારે ટપાલ સેવાના ધાંધિયાથી રાખડીઓ વિલંબથી પહોંચવાની પણ દહેશત સેવાય છે. કોરોના કાળમાં ગામડે..ગામડે અને શહેરી વિસ્તારમાં ટપાલ સેવા અનિયમિત થતાં પ્રજાની વિટંબણાઓ વધી ગઈ છે.

ટપાલ સેવા અને એસ.ટી.ને સીધો સબંધ છે અત્યાર સુધી કોરોનાના કારણે એસ.ટી.ની સિમિત સેવાઓ શરૂ કરાતાં અનેક લોકોને તેમના પાનકાર્ડ, આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ સહિતના પોસ્ટમાં આવતા દસ્તાવેજો અને અગત્યની ટપાલો સમયસર મળતી ન હતી પરંતુ સંપૂર્ણ અનલૉક પછી એસ.ટી. સેવાઓ રાબેતા મુજબના દાવા થઈ રહ્યા છે પરંતુ વાસ્તવમાં તે સાચા નથી. સાબરકાંઠા, અરવલ્લીના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. સેવાઓ અનિયમિત છે. એસ.ટી. નિયમિત હોય તો ગામડાંના ટપાલીઓ પોતાની ઈચ્છા થાય ત્યારે ટપાલ વેચવા માટે જતા હોય છે અનેક ગામડાઓમાં તો અઠવાડીયામાં માંડ એકાદ દિવસ ટપાલનું વિતરણ થતું હોવાના આરોપ લાગ્યા છે.